# પગલું - ૧૪

- નદી
- આ નદી છે.
- આ અમારા ગામની નદી છે.
- નદીમાં ઘણું પાણી છે.
- નદી પર એક પુલ છે.
- પુલ પર વાહન આવ-જા કરે છે.
- કનુ, ઝટપટ નદીએ ચાલ.
- રેણુ, જલદી નદીએ ચાલ.
- નદીની રેતીમાં આપણે રમીએ.
- આપણે રેતીનું ઘર બનાવીએ.

BasicFoundation.in

| | | |
|---|---|---|
| ફુલ | સુંદર | પાંદડું |
| કાજુ | બકુલ | વાંદરું |
| ચીકુ | ચતુર | ગુંદર |

એક ચતુર કીડી હતી.
એનું નામ ઝીણી હતું
આંબા નીચે એનું દર હતું.
એક વાર એના દરમાં પાણી ભરાયું.
કીડી એક પાંદડા પર ચડી.
પાંદડું વહેતું વહેતું ઝાડ પાસે ગયું.
ઝીણી ઝાડ પર ચડી એટલે બચી ગઈ.

હું પુલ પર દોડું છું.
હું પીછા ભેગા કરું છું.
મને લાડું ભાવે છે.

હું સાઇકલ ચલાવું છું.
કનુની પેન લાલ છે.
હું મામાને કાગળ લખું છું.
મારી પાસે બે પીછા છે.

BasicFoundation.in